ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૦૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૩ ટકા

ગાંધીનગર તાપમાન

# મનપાના બજેટમાં શહેરના પ્રશ્નોનો પડઘો પાડવા રજૂઆત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાનું નવું બજેટ રજૂ થવાનું છે ત્યારે ગાંધીનગર મનપા દ્વારા રજૂ થનારા આગામી બજેટમાં લોકોપયોગી વિકાસ કાર્યો સમાવવા અંગે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના સૂચનો રજૂ કરવામાં આવ્યા છે. જેમાં શહેરને ઉપયોગી બાબતો વિશે વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજયના કેપિટલ સિટીમાં હોવાથી ગાંધીનગર મનપાને વિશેષ દરજ્જો આપવામાં આવે તેમજ ચંદીગઢ અને નવી દિલ્હીની માફક ટેકસ મુકત બનાવવામાં આવે. સ્થાયી સમિતિ દ્વારા તેનો સૈધ્ધાંતિક સ્વીકાર કરીને તે અંગેની જરુરી દરખાસ્ત રાજય સરકારમાં રજૂ કરવામાં આવે આમ છતાં નગરજનોએ કોઈ સીધા કરવેરા ભરવાના થશે નહિ તેમ છતાં બજેટમાં પુરાંત રહેશે.

મહાનગરપાલિકાના વિસ્તારમાં ઢોરો રાખી શકાતા નથી. આ માટેનો કાયદો પણ છે. આ કાયદાના સખત અને નિયમિત અમલ માટે ઢોર નિયંત્રણ માટે વિશેષ કાયમી વ્યવસ્થા તંત્ર ઉભું કરવામાં આવે. ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે રખડતા ઢોર નિયંત્રણ માટે આપેલા આદેશ ગાંધીનગરમાં પણ લાગુ પાડવા જરુરી છે. શહેરમાં ઠેર ઠેર ગેરકાયદે ચલાવતા ઢોરવાડાઓના કારણે નગરજનોને પડતી હાડમારી અટકાવવી અનિવાર્ય છે. ગાંધીનગર ઢોર મુકત થતાં પર્યાવરણને મદદરુપ વિશેષ વૃક્ષોનો ઉછેર સરળતાથી થઈ શકશે.

શહેરને અનેક પ્રકારનાં દબાણથી મુકત કરવું અનિવાર્ય છે. દબાણોને કારણે વાહન વ્યવહારને અવરોધ થાય છે. નાગરિકોને ચાલવા માટે હજારો રૂપિયાના ખર્ચે તૈયાર કરેલી ફૂટપાથ રોકી દેવામાં આવે છે તેમજ ગંદકી ફેલાવવામાં આવે છે. આ માટે અલગ કાયમી વ્યવસ્થા તંત્ર ઉભું કરવું અને પોલીસની મદદથી દબાણો પર રોજબરોજ નજર રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવું જરુરી છે.

શહેરની હરિયાળી નિયત માપદંડ મુજબ જળવાઈ રહે તે માટે તજજ્ઞો, વન વિભાગ, સંબંધિત અધિકારીઓ તથા શહેરની સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા વૃક્ષારોપણ કરવું, બગીચાઓની જાળવણી, જૂના વૃક્ષોની નડતરરુપ ડાળીઓની કાપણી નિયમિતપણે કરવી વગેરે સુવિધાઓ જાળવવા માટે ગાંધીનગર ગ્રીન ટ્રિબ્યુનલ કાર્યરત કરવી જોઈએ.

નગરના પ્રારંભથી નિવાસીજનો માટે સેકટરોમાં મળતી સુવિધાઓ જેવી કે આરોગ્ય કેન્દ્ર, વિવિધ સ્તરીય શિક્ષણ સંસ્થાઓ, શોપિંગ સેન્ટર, પૂછપરછ કચેરી, પોલીસ સહાય કેન્દ્ર, બગીચાઓ, પોસ્ટ ઓફિસ, સેકટર ફરતી કમ્પાઉન્ડ વોલ વગેરે સુવિધાઓ પુનઃસ્થાપિત કરવી અને વધતી વસ્તીને અનુલક્ષીને અદ્યતન બનાવવી. બાળ ક્રિડાંગણ, ફીટનેસ જીમ, સાયકલ ટ્રેક, આયુર્વેદિક વનસ્પતિ ઉદ્યાન, પક્ષીઘર વગેરે સુવિધાઓ લોક સહકારથી ચલાવવી.

બિન અધિકૃત સ્થળ પર ચાલતા તદ્દન અસંતોષકારક ઘન કચરાના નિકાલને સ્થાને ઘન કચરાને ખાતરમાં પરિવર્તિત કરવાની મશીનરીની વ્યવસ્થા ગોઠવવી. વાયુ પ્રદૂષણ અટકાવવુ તેમજ જે વિસ્તારમાં નિયત માત્રા કરતાં વધારે થતું હોય ત્યાં પ્રદૂષણ મુકત ટાવર મુકવા અને જાળવવા. શહેરના સીમાડે આવેલા જૂની પધ્ધિતિથી ચાલતા વીજ મથક દ્વારા ફેલાતા પ્રદૂષણને નિયંત્રિત કરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

મનપાની હદમાંથી વહેતી સાબરમતી નદીના શુધ્ધિકરણ માટે રાજય સરકારના સહયોગથી ગાંધીનગર ક્ષેત્રનું સંપૂર્ણ શુધ્ધિકરણ કરવું અને જાળવવું. બંને કાંઠે વૃક્ષારોપણ કરવું તે માટે લોક સહકાર પણ મેળવવો. અમદાવાદ શહેરમાં સાબરમતી રીવરફ્રન્ટ યોજના અમલમાં મુકાઈ છે તે ગાંધીનગર મનપાની હદ સુધી લંબાવવામાં આવે તેવા પ્રયાસ કરવા. રાજધાનીના આપણા શહેરને સુંદર પર્યાવરણ મળવા સાથે આકર્ષક પિકનીક પોઈન્ટ પણ ઉપલબ્ધ થશે.

તમામ વિકાસ કામોમાં પ્રોજેકટનો વિચાર કરવાની, ટેન્ડર તૈયાર કરવાની, ટેન્ડરની આર્થિક સ્થિતિ તપાસવાની, ટેન્ડર પાસ કરવાની, પ્રોજેકટ કામગીરી કરવાની, તેનું સુપરવિઝન કરવાની, બિલમાં સહી કરવાની, બિલના નાણાં ચુકવવાની કામગીરીઓ માટે મનપામાં સક્ષમ અધિકારીઓની નિમણુંક કરવામાં આવે, અલગ અલગ કન્સલટન્ટ, કોન્ટ્રાકટર, ઈજનેરોની પ્રથા બદલવાથી વધતો ભ્રષ્ટાચાર દૂર કરી શકાશે તેમજ કર્મચારીઓ, અધિકારીઓ જવાબદારીપૂર્વક સેવા અદા કરી શકશે.

શહેરમાં આવેલા સેકટરોના શોપીગ સેન્ટરો નિયંત્રિત વસ્તીને ધ્યાનમાં રાખીને, ૫૦થી વધુ વર્ષો પહેલાં નિર્માણ કરવામાં આવ્યા હતા. તે આજની વધેલી વસ્તીને અનુલક્ષીને શોપિંગ સુવિધા પુરી પાડી શકે તેમ નથી. આથી નવી અદ્યતન ડિઝાઈન સાથે તેને પુનઃનિર્મિત કરવાની આજની તાતી જરૂરિયાત છે. દરેક સેકટરોમાં ઓછામાં ઓછી ૫૦ દુકાનો સાથેના શોપીંગ સેન્ટર, પાર્કીંગ સથે તૈયાર કરવા અદ્યતન પ્લાન તૈયાર કરીને સરકારમાં સબળ રજૂઆત કરવાની આવશ્યકતા છે. આથી સેકટરોના રહેવાસીઓને શોપિંગની સુવિધા મળવા સાથે શહેરના યુવાનોને ધંધા રોજગાર માટે વધુ દુકાનો ઉપલબ્ધ થશે. દરેક સેકટરમાં વેજીટેબલ માર્કેટ પણ પાર્કીંગની સુવિધા સાથે ઉભું કરવામાં આવે.

નગરના મુખ્ય શોપિંગ સેન્ટર અને શાકમાર્કેટ પણ પુનર્રચના માંગે છે. મુખ્ય શોપીંગ સેન્ટર અને અપના બજાર બિલ્ડીંગ વચ્ચે આવેલા જૂના સરકારી કવાટર્સને દુર કરીને વિશેષ જમીન ઉપલબ્ધ થઈ શકે તેમ છે ત્યાં નવા શોપીંગ સેન્ટર નિર્માણ કરવામાં આવે. પાર્કીંગ અને લારી ગલ્લા માટે પણ જગ્યા સુનિશ્ચિત કરવામાં આવે જેથી સંપૂર્ણ સેન્ટર દબાણ મુકત રહી શકે. આ સૂચનો પૈકી કટલીક બાબતો મનપાના કાર્યક્ષેત્ર બહારની હશે તે માટે મનપા 'ગુડા' કે રાજય સરકારમાં આવશ્યક રજૂઆત કરી શકે.

તાજેતરમાં સેકટર-૨૧ માર્કેટ ફરતી બનાવવામાં આવેલી કમ્પાઉન્ડ વોલ આ સિધ્ધાંતોને અનુરૂપ નથી. આવા કામ કરતી વખતે સ્થાનિક વેપારીઓ અને લોકલાગણીને માન આપવું જરુરી છે. ગાંધીનગર પ્રબુધ્ધ નાગરિકોની સ્વૈચ્છિક સંસ્થા ગાંધીગર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આ સૂચનો રજૂ કર્યા હતા. આ સૂચનોને શહેરની સાત જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓની પણ સંમતિ છે.

## જન્મદિને વધામણી



દિગિ વિપુલભાઈ પટેલ
(મારૂતિ મંડપ)
મો. ૯૪૨૪૧ ૨૯૨૪૧

કેવરાજ એ. મકવાણા

ગણતંત્ર દિન નિમિત્તે સેક્ટર-૩-બીની હાર્દિકા ચુડાસમાએ ખુબ સુંદર રંગોળી સજાવી હતી. આઝાદીના જંગમાં નોંધપાત્ર ભાગ ભજવનાર શહીદ ભગતસિંહનું ચિત્ર રંગોળીના વિવિધ રંગો વડે સર્જીને તેણે તમામ શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

## એટીએમ સેન્ટરની સાયરન કલાકો સુધી વાગતી રહી..!!

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે સ્થિત સિવિલ હોસ્પિટલના ઘ-માર્ગ પરના પ્રવેશ દ્વાર નજીક આવેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમ કેન્દ્રમાં સતત કલાકો સુધી સાયરન વાગવા છતાં પોલીસ કે બેંકનું વહીવટીતંત્ર અજાણ હોવાની ઘટના બનવા પામી હતી.

આજકાલ એટીએમ કેન્દ્રોને વિવિધ રીતે ટાર્ગેટ કરીને નાણાંની ઉચાપતનો પ્રયાસ કરતા ગઠિયાઓના કિસ્સા પ્રકાશમાં આવતા રહે છે. એટીએમ કેન્દ્રો પર સીસીટીવી કેમેરા ઉપરાંત સાયરન જેવાં સુરક્ષાલક્ષી ઉપકરણો પણ લગાડવામાં આવે છે જેથી આ પ્રકારની ઉચાપત અટકી શકે. જોકે આજે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના પ્રવેશદ્વાર પાસેના એસબીઆઈ બેંકના એટીએમ કેન્દ્ર ખાતે ઘણા કલાકો સુધી સાયરનની ગુંજ સંભળાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલે ગુરૂવારે બપોરે ચારેક વાગ્યાથી શરૂ થયેલી આ સાયરન શુક્રવારની બપોર સુધી ચાલુ રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બાબતે પોલીસ તંત્ર કે બેંકનું વહીવટી તંત્ર અજાણ હોય એવી પ્રતિતિ થવા પામી હતી.

## બી.આર.સી. ભવન સામે ફરજ બજાવનારા સેવકનું સન્માન

અરવલ્લી જિલ્લાના બી.આર.સી. ભવન ખાતે કરાર આધારિત કર્મચારી તરીકે ૨૦૦૧થી છેલ્લા ૨૦ વર્ષથી નિષ્ઠા અને શિસ્ત સાથે બાબુભાઈ સોલંકીએ કર્મ અને પુજા માનીને બીઆરસી ભવન ખાતેની શિક્ષણ સંસ્થા સમગ્ર સંસ્થાને માનવ મંદિરની જેમ દિવસ રાત સેવા બજાવી હતી. સેવાને બિરદાવતા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સુમિતાબેને પટેલ અને કરાર આધારીત આઉટ સોર્સિંગ કર્મચારીનું મહાસંઘના પ્રમુખ અમિત કવિ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## આર.જી. પટેલ કન્યા શાળામાં રાષ્ટ્રીય બાલિકા દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

આર.જી. પટેલ કન્યા શાળામાં રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઓનલાઈન માધ્યમ દ્વારા વાલીઓ તથા વિદ્યાર્થીનીઓને જોડીને બાલિકા દિવસની શરૂઆત ૧૯૬૬ની ૨૪ જાન્યુઆરીના રોજ ઈન્દિરા ગાંધી પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા વગેરે બાબતની જાણકારી આપી સાથો સાથ બેટી બચાવો અભિયાન, બાળકીઓ માટે સ્વસ્થ અને સુરક્ષિત વાતાવરણ તથા લિંગ પરિક્ષણ નાબૂદી જેવા વિષયો પર માહિતી આપી ચર્ચા કરી હતી. જેમાં ધો. ૯ અને ૧૧ ના ૪૦ વાલીઓએ ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા બદલ શાળાના આચાર્ય ગીતેશભાઈ પટેલે સંચાલન કરનાર જયશ્રીબેન મહંત, ગાયત્રઈબેન પટેલતથઆ સમગ્ર શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મુકિતધામ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા ૩૦મીએ પાણી બચાવો અભિયાન

ગાંધીનગર, તા.૨૮

મુકિતધામ સેકટર-૩૦ ખાતે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ દ્વારા પાણી બચાવો અભિયાન અનુસંધાને ૨ લાખના ખર્ચે ટપક સિંચાઈ ફીટ કરી છે. જેના શુભારંભ પ્રસંગે મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્થાયી ચેરમેન જશવંતભઈ પટેલ, ડે. કમિશનર ત્રિવેદીસરના હસ્તે થશે. આ પ્રસંગે સૌરાષ્ટ્ર કચ્છના મોભીઓ મહેન્દ્રભાઈ ત્રિવેદી (પૂર્વ ગૃહમંત્રી), એન.પી. પટેલ (નેચર ફર્સ્ટના પ્રણેતા), હેમરાજભાઈ પાડલીયા હાજર રહેશે તેથી સર્વે કોર્પોરેટર ભાઈઓ-બહેનો, સૌરાષ્ટ્ર કચ્છ સમાજના સર્વે વડીલો-મિત્રો અને નગરજનોએ ખાસ હાજર રહેવા જણાવ્યું હતું. આ કાર્યક્રમ ૩૦મીના રોજ સાંજે ૪.૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમના અંતે પ્લાસ્ટિક વીણવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

## એસએસવી કેમ્પસ ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત એસએસવી કેમ્પસ સેક્ટર-૩ માં સરસ્વતી વિદ્યાલયના આચાર્ય છાયા ભટ્ટ દ્વારા રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની નિરાલી ગોહેલને શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ રાજગોર દ્વારા સન્માનિત કરવામાં આવી હતી. તેણીએ પંરપરાગત નૃત્ય-ભરત નાટ્યમમાં આરંગત્રમ પૂર્ણ કરી તેનો ૨૬મી ડિસેમ્બરે ટાગોર હોલ અમદાવાદ ખાતે પ્રોગ્રામ કર્યો હતો. જીવનમાં નૃત્ય શૈલીમાં વધુ આગળ પ્રગતિ કરવા માટે પ્રેરણા આપી હતી. ઋત્વી પટેલને શાળાના ટ્રસ્ટી વકાસભાઈ અજમેરી દ્વારા શાળાની દરેક પ્રવૃત્તિમાં મોખરે આવવા બદલ સન્માનિત કર્યા હતા.

## કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં ગણતંત્ર દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ખાતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળા-કોલેજના આચાર્ય-શિક્ષકગણ તથા દાતાઓની હાજરીમાં ૭૩માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં યુએસએથી આવેલા દાતાઓ પૈકી મુખ્ય મહેમાન ભગુભાઈ પટેલના હસ્તે ધ્વજ ફરકાવી ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. આ ક્ષણે સર્વ વિદ્યાલયના પ્રિસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, દાતાઓ વિષ્ણુભાઈ પટેલ અને જયંતિભાઈ પટેલે હાજરી આપી હતી.

કાર્યક્રમમાં યુનિવર્સિટી વિભાગમાંથી કએસવીના ડાયરેકટર ડૉ. ગાર્ગી રાજપરા, રજિસ્ટ્રાર ડૉ. સૂર્યકિશન મંત્રાલા, પી.કે. શાહ તથા અન્ય કર્મચારીગણ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના આયોજનમાં કેમ્પસ ડાયરેકટર ડૉ. કેયુર શાહ અને એમ.બી. પટેલ ઈંગ્લિંશ મિડિયમ સેકન્ડર એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્ય અર્પિત કિશ્ચયન તથા શાળાના કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષા પારેખે કર્યું હતું અને શાળા શિક્ષક નરેશભાઈ ચૌધરીએ ધ્વજવંદન કરાવ્યું હતું. આભારવિધિ ડૉ. ગાર્ગી રાજપરાએ કરી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે હસમુખ પટેલના હસ્તે ધ્વજવંદન

ગાંધીનગર, તા. ૨૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ૨૬મી જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી. યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ તથા આઈ.પી.એસ. ગુજરાત પોલીસ હાઉસિંગના એમ.ડી. હસમુખ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે હસમુખ પટેલે સંબોધનમાં જણાવ્યું હતું કે બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે વાલીઓની ભૂમિકા અને સક્રિયતા પણ ખૂબ મહત્ત્વની છે. બાળકોના સર્વાંગી વિકાસમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ભૂમિકા તેમણે મહત્ત્વની ગણાવી હતી. આ પ્રસંગે કુલપતિ હર્ષદભાઈ શાહે સંબોધનમાં કહ્યું હતું કે તેજસ્વી બાળકોના જન્મ થકી જ રાષ્ટ્ર તેજસ્વી બનશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગર્ભસંસ્કાર સહિતની પ્રવૃત્તિ થકી તેજસ્વી પેઢીના નિર્માણનું ભગીરથ કાર્ય કરી રહી છે. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના જી.સી. મેમ્બર ડૉ. પ્રવીણ વાટલિયા, રજિસ્ટ્રાર ડૉ. અશોક પ્રજાપતિ તેમજ સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે કર્યું હતું, જ્યારે સંયોજક તરીકે ડૉ. મહેન્દ્ર પટેલે ભૂમિકા નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોવિડની ગાઈડલાઈનનું પૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું.

## પાલજ ગામ ખાતે કામધેનુ યુનિવર્સિટી દ્વારા પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા ૨૫મીએ ગાંધીનગર જિલ્લાનાં પાલજ ગામની ધી પાલજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે ગામના પશુપાલકો સાથે પ્રાણી કલ્યાણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉજવણી ભાગરૂપે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. શ્રદ્ધા વેકરિયા અને પશુચિકિત્સા અધિકારી ડૉ. મહિપતસિંહ રાજપૂતએ પાલજ ગામના પશુપાલકોને પ્રાણી કલ્યાણ પખવાડિયાની ઉજવણીનું મહત્વ, પશુઓમાં રસીકરણ, પશુસારવાર, આદર્શ પશુરહેઠાણ જેવા વિષય પર માર્ગદર્શન આપેલ હતું. તેમજ પશુપાલન માટે ઉપયોગી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પશુપાલકોને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કરવામાં આવ્યું હતું.

## માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા લક્ષ્ય આરોગ્યમ્ અભિયાન અંતર્ગત ગણતંત્ર દિવસ નિમિત્તે ભવ્ય યોગ શિબિર

ગાંધીનગર, તા. ૨૮

મહિલા પતંજલી યોગ સમિતિ ગાંધીનગર તથા માનસ યોગ સેવા ટ્રસ્ટ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે લક્ષ્ય આરોગ્યમ્ અભિયાન અંતર્ગત ગણતંત્ર દિવસ નિમિત્તે ભવ્ય યોગ શિબિરનું આયોજન અને સંચાલન ગાંધીનગરના જાણીતા યોગાચાર્ય ડૉ. કાનજીભાઈ બાવરીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ડૉ. નેહલબેન દેસાઈ દ્વારા સ્વર્ણિમ પાર્ક ખાતે કરવામાં આવ્યુ. કોરોના જેવા ભયંકર મહામારીના સમયમાં મહિલાઓ દ્વારા યોગને જીવનશૈલી તરીકે અપનાવી સ્વસ્થ રહેવા અંગે અને એક જૂથ થઈને અન્યને પણ યોગ દ્વારા નીરોગી અને સ્વાસ્થ્યવર્ધક જીવન જીવવા પ્રેરણા મળી રહે તે હેતુથી આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. શિબિરમાં ગુજરાત રાજ્ય યજ્ઞ પ્રભારી નેહાબેન વ્યાસ ગાંધીનગર, જિલ્લા યજ્ઞ પ્રભારી

ગીતાબેન જોબનપુત્રા તથા આરતીબેન, જાગૃતીબેન, ગાયત્રીબેન, સ્નેહાબેન, ડૉ. કવિતાબેન બાવરી (રાઠોડ), ભાવનાબેન, નીલાબેન અને જેવા ગાંધીનગરના તમામ સેક્ટરમાં યોગ કલાસ ચલાવતા યોગ શિક્ષકોએ હાજરી આપી વૈદિક હવન તેમજ યોગના કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ અને અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરના પી.આઈ. ઉન્નતીબહેન પટેલ, ગાંધીનગરના ખૂબ જ જાણીતા ગાયનેકોલોજિસ્ટ ડો. નીતાબેન શેખાત, અને ગવર્મેન્ટ ઓફ ગુજરાતના આયુર્વેદિક ખાતાના અધિકારી ડોક્ટર ભાવનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં યોગાસન પ્રાણાયામ સૂર્ય નમસ્કારની સાથે સાથે બહેનોએ ગરબા યોગનો પણ ઉત્સાહપૂર્વક આનંદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તન મન અને ધનથી માનસ યોગ સેવા ટ્રસ્ટના કર્મઠ કાર્યકર્તાઓ એવા જૈમિનભાઈ વૈદ્ય, જે.બી. મહેતા સાહેબ, પ્રકાશભાઈ વણજારા, આશિષભાઈ દેસાઈ, કનુભાઈ, હિતેન્દ્રભાઈ બાવરી, દિપાલીબેન, નયનાબેન, સીતાજી, ચંદાબેન, સુશીલાબેન, સરોજબેને મહામૂલ્ય ફાળો આપ્યો હતો. કાર્યક્રમના અંતમાં સર્વે યોગાર્થીઓ સાથે મળીને પતંજલિના પુષ્ઠાહાર દલીયા અને આમળાં શરબતનો આનંદ માણ્યો હતો.

દેશના ૭૩મા ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે કરવામાં આવી હતી. એસ.ટી.ના કર્મચારીઓ અને મુસાફરો આ ઉજવણીમાં જોડાયા હતા.

## ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને બિગ શોર્ટ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન આપણા જીવનના અનોખા સાથી એવા વંચિત સમુદાયના નાગરિકો સાથે સેવા વસ્તી સેકટર-૩૦ ખાતે કરવામાં આવ્યું હતું. મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોશી દ્વારા તમામ મહાનુભાવો અને સેવા વસ્તીના બાળકો માટે સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. વૈજયંતીબેન ગુમેએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. બિગ શોર્ટ ઈવેન્ટ મેનેજમેન્ટના સંજય તન્ના અને મુંબઈના જાણીતા ગાયક ભરતભાઈ ઠાકોરે વિવિધ દેશભકિતના ગીતો ગાઈને દેશભકિતની સુવાસ પ્રસરાવી હતી. તેમની સાથે મનોજ જોશીએ સુર પુરાવ્યો હતો. આ કાર્યક્રમમાં તમામ બાળકોને બિસ્કીટ, ચોકલેટ, સમોસા તથા ઠંડાં પીણાં આપી પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી હતી.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયની સેવાકાર્ય દ્વારા ગણતંત્ર દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત સેકટર-૨૮ ખાતે સમર્પણ મુકબધિર સંસ્થામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના આચાર્યબેન રમીલાબેન ચૌધરી તથા સમગ્ર સ્ટાફ બાળકોને ટી શર્ટ દાન સ્વરૂપે આપી હતી. ભારત આઝાદી કા અમૃત મહોત્સવ મનાવી રહ્યુ છે ત્યારે ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે મુકબધિર બાળકોને યાદ કરી આ દિનની ઉજવણી કરી હતી. આ બદલ શાળા પરિવારે આચાર્યાબેનને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ઠાકોર હંસાબેન સુરેશજી,** ઉ.વ. ૩૫, શિહોલી મોટી
- **સ્વ. સુથાર શારદાબેન જયંતિલાલ,** ઉ.વ. ૬૩, પિંડારડા
- **સ્વ. પટેલ કાશીબેન કેશવલાલ,** ઉ.વ. ૬૮, પેથાપુર
- **સ્વ. પરમાર ગજરાબેન બચુસિંહ,** ઉ.વ. ૬૮, લેકાવાડા
- **સ્વ. વ્યાસ મધુબેન કાંતિભાઈ,** ઉ.વ. ૮૧, સેકટર-૧૨
- **સ્વ. વણઝારા મંગાજી ભાવાજી,** ઉ.વ. ૫૨, પાવરહાઉસ છાપરાં
- **સ્વ. વ્યાસ હરિશભાઈ નારણભાઈ,** ઉ.વ. ૮૫, સેકટર-૫